






સૌરાષ્ટ્રના એપી સેન્ટરથી આવે છે આંચકા,
માર્ગ નથી સરળ આવે છે અનેક ખાંચકા,
વેરાય છો લાંચકા, પાંચકા છે વાંધા - વચકા, -
પીએમના પથ પર પથરાય છે કાંચકા...
(નિતીશ નિવેદન)




બૂંદ થી ગઇ,
હવે ભરાય હોજે
'ઇમેજ વોશ..'
(મા. મુખ્યમંત્રીની સલાહ)

દુશ્મનો સાથે
પણ મિલાવે હાથ -
એના શું વાંક??
(કેશુભાઇ-વાઘેલા મિલન)

## ચિંતન

**દૂરતઃ શોભતે મૂર્ખો લમ્બશાટ પટાવૃતઃ ।**
**તાવચ્ચ શોભતે મૂર્ખો યાવત્ કિંચન્ન ભાષતે ॥**

લાંબી-મોંઘેરી શાલ અને ખભે ખેસ ધારણ કર્યો હોય ત્યારે મૂર્ખ માણસ હોય છતાં દૂરથી શોભે છે, પરંતુ જયાં સુધી એ એક શબ્દ બોલતો નથી ત્યાં સુધી જ તેની શોભા ટકે છે.

બુધ્ધિ ચાતુર્ય-વિદ્વતા, પંડિતાઇ-જ્ઞાન એ હૃદય અને મનનો વિષય છે એને બાહ્ય આડંબર, ટાપટીપ, દેખાવ આભૂષણની જરૂર પડતી નથી, પ્રસંગોપાત ઘટનાઓમાં તેમનું વલણ-વર્તન અને વિચાર તેમનાં આચરણમાં કેવી રીતે આવે છે, તેના પરથી જ તેમનું કૌશલ્ય નક્કી થાય છે.

થોડીક જવાબદારી કે કોઇ કાર્યક્રમના આયોજનમાં હાંફતા-ફાંફળા થઇ અનેકનાં જીવ અધ્ધર કરી નાખનારા સફળ આયોજક નથી જ. કોઇ પણ આપદ્ કાળમાં ધીરજ-સ્થિર બુધ્ધિ અને ધીરજથી નિર્ણય લઇ માર્ગ કાઢનાર જ બુધ્ધિમાન છે.

કેટલાક લોકો બાહ્ય ટાપટીપથી જ પોતાનો પ્રભાવ પાડવા મથતા હોય છે, પણ જયારે બોલવાનો કે આચરણ નો વખત આવે ઉઘાડા પડી જાય છે અને એમનું મૂલ્ય નિશ્ચિત થઇ જાય છે.

## સુવિચાર

- જો દુર્બળતા પર વિજય મેળવવો હોય તો તેને પોષવી જ ન જોઇએ - **પૈન**
- દુષ્ટ-દુર્જન માણસ કદી વિવેકી હોઇ જ ન શકે - **હોમર**
- દુષ્ટ સાથે દુશ્મનાવટ સારી - મૈત્રી નહીં - **તુલસીદાસ**
- મનની નિર્બળતાથી વધુ ભયંકર પાપ બીજું કંઇ નથી - **વિવેકાનંદ**
- દુર્જન જો વિદ્વાન હોય તો પણ તેનો ત્યાગ કરવો યોગ્ય જ છે, સાપને માથે મણિ હોય તો પણ શું એની ભયંકરતા ઓછી થઇ જાય? - **ભર્તૃહરિ**
- સુખ અને દુઃખ બંને ચંચળ સ્વભાવના છે તેથી સુખમાં છક્કી ન જવું અને દુઃખમાં થાકી ન જવું - **જુબર્ટ**
- દુઃખનું માપ વિપત્તિના પ્રમાણથી નહીં પણ સહન કરનારના સ્વભાવ પરથી નક્કી કરવું જોઇએ - **એડિસન**

## બોધકથા

આપણે હમેશાં 'મને ખબર છે', 'હું બધાંને ઓળખું છું' મારાં અનુમાન સાચાં જ હોય મને બધી બાબત - બધા વિષયનું મને જ્ઞાન છે, આવી ગેરસમજ એ 'અજ્ઞાન' જ છે. વિશ્વમાં - સંસારમાં જ્ઞાનના અનેક ક્ષેત્રોમાંથી આપણું જ્ઞાન ખૂબ જ સીમિત છે.

ગ્રીસની એક ધર્મસભામાં ધર્મગુરૂએ કોઇ વાતનું દૃષ્ટાંત આપતાં કહ્યું, વર્તમાન સમયમાં કોઇ 'જ્ઞાની' ને જોવા-મળવા હોય તો એક વ્યક્તિ આપણા શહેરમાં જ છે એમનું નામ છે 'સોક્રેટીસ.'

લોકોનાં ટોળેટોળા સોક્રેટીસના દર્શન કરવા ઉમટ્યાં અને એમને કહેવા લાગ્યાં કે ધર્મગુરૂ ખૂદ આપ 'જ્ઞાની' છો એવું કહે છે.

સોક્રેટીસે હસીને અસ્વીકાર કરતાં કહ્યું ધર્મગુરૂએ આ જાહેરાત ખૂબ મોડી કરી છે, ખરેખર તો હું નાનો હતો ત્યારે ખૂબ અભિમાની - ઘમંડી હતો અને માનતો કે હું જ્ઞાની છું, ત્યારે મને કંઇ વિશેષ જાણવાની જરૂર જણાતી નથી. પણ જેમ જેમ સમય પસાર થયો ત્યારે મને મારા જ્ઞાનની મર્યાદાઓનું ભાન થવા લાગ્યું, કે 'હું ખરેખર મોટો અજ્ઞાની છું.' માટે તમે હવે ફરી ધર્મગુરૂ પાસે જાવ અને કહો કે, 'સોક્રેટીસ ખૂદ કહે છે કે મારા જેવો-જેટલો અજ્ઞાની વિશ્વમાં બીજો કોઇ નથી.'

લોકો ધર્મગુરૂને મળ્યા અને આ વાત કરી.

ધર્મગુરૂ કહે, એટલે જ સ્તો મેં એના નામની જાહેરાત કરી, જે પોતાના 'અજ્ઞાન'થી વાકેફ એ જ મોટો જ્ઞાની છે.'

# હીઝ એક્સેલન્સી, ધ પ્રેસિડન્ટ ઓફ ઇન્ડિયા : લેટ્સ રીડ ટેક્સ્ટ બૂક અગેઇન

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

દિલ્હીનાં રાજનૈતિક મૌસમમાં હચચલ વધી છે. અડવાણી કહી ચૂક્યા છે કે ૧૯૬૯ પછી આ વખતના રાષ્ટ્રપતિ ચુનાવ સૌથી વધુ રોમાંચક બન્યા છે. વર્ષોથી પ્રાઇમ મિનિસ્ટર બનવાનું સ્વપ્ન જોતાં પ્રણવદા રાષ્ટ્રપતિ ભવનમાં બિરાજશે; એ વાત લગભગ નક્કી જ છે. ડો. રાજેન્દ્ર પ્રસાદથી માંડીને ડો. પ્રતિભા દેવી સિંહ પાટિલ સુધીનાં ૧૫ રાષ્ટ્રપતિ જોયા બાદ હવે રાષ્ટ્રપતિ ભવન ૧૬માં રાષ્ટ્રપતિની પ્રતિક્ષા કરી રહ્યો છે... ભારતમાં સંવૈધાનિક અધ્યક્ષનાં ગૌરવમય પદની શોભા વધારનાર દેશનો પ્રથમ નાગરિક કોણ બનશે, એ તો ટૂંક જ સમયમાં જાણ થઇ જશે.

રાષ્ટ્રપતિ ચુનાવ વિશે ઘણું બધું લખાઇ રહ્યું છે - વંચાઇ રહ્યું છે પણ એને ચૂંટવાની પધ્ધતિ વિશે મોટા ભાગનાં લોકો અજાણી હોય છે. અથવા તો નાગરિક શાસ્ત્રની જૂની ચોપડીમાં જ છોડીને આવ્યા હોય છે. બટ ધીસ ટાઇમ, લેટ્સ ગો બેક ટુ ટેક્સ્ટ બુક!!

**રાષ્ટ્રપતિ બનવા માટેની લાયકાતો :**

⇨ ભારતીય નાગરિકતા

⇨ લઘુતમ ૩૫ વર્ષની આયુ

⇨ લોકસભા સદસ્ય બનવાની યોગ્યતા (ઉપ રાષ્ટ્રપતિ માટે આ યોગ્યતા રાજયસભા સદસ્યતાની છે.)

⇨ તે સરકારમાં કોઇ લાભનાં પદ પર હોવો જોઇએ નહીં, જેમાં રાષ્ટ્રપતિ, ઉપ રાષ્ટ્રપતિ, રાજયપાલ, કેન્દ્રિય/ રાજય મંત્રી એ લાભનાં પદ ગણવામાં આવતા નથી.

ફોર્મ ભર્યા બાદ ઉમેદવારે ૧૫,૦૦૦ રૂા. ડિપોઝીટ તરીકે ભરવા પડે છે.

**રાષ્ટ્રપતિ બંધારણીય પ્રમુખ હોવાના નાતે સશક્ત ન્યાયિક શક્તિઓ ધરાવે છે, જેમાં એ કોઈ પણ વ્યક્તિની દંડ માફી અથવા તો તેમાં ઘટાડો કરી શકે છે**

રાષ્ટ્રપતિની ચૂંટણી અપ્રત્યક્ષ છે, તેનાં મતોની ગણતરી સીધી નથી. એક ચુનાવ મંડળ જેમાં રાજયસભા, વિધાનસભા તથા લોકસભામાં ચૂંટાયેલાં સભ્યો શામેલ હોય છે. રાજય અને કેન્દ્રને એકરૂપ પ્રતિનિધિત્વ મળે તે માટે જે તે વિધાનસભાની મત સંખ્યા માટે નીચેનો ફોર્મ્યુલા છે.

રાજયની કુલ વસ્તી / વિધાનસભામાં કુલ ચૂંટાયેલા સભ્યો X ૧૦૦

હવે જો શેષ ૫૦૦ કે તેથી વધુ રહે છે તો તેને એક ગણવામાં આવશે અને દરેક સભ્યની મત સંખ્યામાં એક ઉમેદવામાં આવશે.

આજ રીતે સંસદ માટેની ફોર્મ્યુલા છે. ચૂંટાયેલાં વિધાન સભ્યોનાં કુલ મત અને સંસદનાં ચૂંટાયેલાં કુલ સભ્યોની સંખ્યાનો ભાગાકાર જો શેષ અડધા કરતા વધુ આવે તો તેને એક ગણવામાં આવશે. ચૂંટણી ગુપ્ત રીતે થાય છે. બહુમતી પ્રાપ્ત ખરનાર ઉમેદવાર જીતી જાય છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી સંબંધિત કોઇ પણ વિવાદ અંગેનો અંતિમ નિર્ણય સુપ્રીમ કોર્ટ કરી શકે છે. રાષ્ટ્રપતિ સુપ્રીમ કોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ અથવા તેની ગેરહાજરીમાં અન્ય ઉચ્ચ ન્યાયાધીશની હાજરીમાં શપત ગ્રહણ કરે છે. પાંચ વર્ષનાં કાર્યકાળની સમાપ્તિ બાદ રાષ્ટ્રપતિ પદનાં ચુનાવ ફરીવાર થાય છે. પરંતુ તે પહેલાં રાષ્ટ્રપતિ રાજીનામું આપી શકે છે, જે ઉપરાષ્ટ્રપતિને સંબોધિત હોય છે, રાષ્ટ્રપતિને ફક્ત મહાભિયોગ કે ઇમ્પીચમેન્ટ દ્વારા જ પોતાના પદથી હટાવી શકાય છે. રાષ્ટ્રપતિને મૃત્યુ, રાજીનામુ કે પદભ્રષ્ટ કર્યા બાદ ખાલી રહેતા પદ પર નિર્વાહિન ભારતનાં ઉપ-રાષ્ટ્રપતિ કરે છે, અને તેની ગેરહાજરીમાં ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા, ૨૦ જુલાઇ ૧૯૬૯ થી ૨૪ ઓગસ્ટ ૧૯૬૯ સુધી ચીફ જસ્ટિસ એમ. હિદાયતુલ્લા, કાર્યવાહક રાષ્ટ્રપતિ વી.વી. ગિરિનાં રાજીનામામાં પગલે ભારતનાં રાષ્ટ્રપતિ તરીકે રહ્યા હતા. મુખ્ય ન્યાયાધીશની ગેરહાજરીમાં સુપ્રીમ કોર્ટનાં અન્ય ઉચ્ચ ન્યાયાધીશ રાષ્ટ્રપતિ પદ સંભાળે છે. રાષ્ટ્રપતિ પદ ખાલી થયાંના છ મહિનાની અંડર જ નવી ચૂંટણીઓ થઇ જવી જોઇએ.

બંધારણનાં પાંચમાં ભાગનાં આર્ટીકલ પરથી ૭૩ ભારતનાં રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિને સંબંધિત છે. જેના અનુસાર રાષ્ટ્રપતિ એ દેશનો કાર્યકારી અધ્યક્ષ (Execative head) છે. (આર્ટીકલ ૫૩) અને સરકારનાં પ્રધાનમંત્રીથી માંડીને પ્રમુખ અધિકારીઓને જેનાં મંત્રી પરિષદ, ચીફ જસ્ટિસ, હાઇકોર્ટ તથા સુપ્રીમ કોર્ટનાં જસ્ટીસ, (AG) એટર્ની જનરલ વગેરે શામેલ છે તેની.

નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. (આર્ટીકલ ૭૭)

રાષ્ટ્રપતિ પાસે મહત્ત્વપૂર્ણ લેજિસ્લેટીવ પાવર્સ છે. તે સંસદનું સત્ર બોલાવી શકે અથવા સ્થગિત કરી શકે તેમજ લોકસભાને ભંગ કરી શકે છે. (આર્ટીકલ ૮૫) રાજયસભામાં કલા, સાહિત્ય, સમાજસેવા જેવા ક્ષેત્રોમાં ખ્યાતિ પ્રાપ્ત વ્યક્તિઓને રાજયસભામાં નિયુક્ત કરી શકે છે, જેમ હાલ જ રેખા ગણેશન તથા સચિન તેન્ડુલકરની થઇ. કોઇ પણ પસાર થયેલો ખરડો માત્ર રાષ્ટ્રપતિની સહીથી જ કાયદો બની શકે છે. રાષ્ટ્રપતિ ચાહે તો તેને સ્થગિત કરી શકે છે. (જેમાં મની બિલ અપવાદ છે) અને સંસદમાં પુનઃ વિચારણા માટે પણ મોકલી શકે છે. પરંતુ છતાં પણ એ પુનઃ પારિત થઇને ઓ તો રાષ્ટ્રપતિએ તેનાં પર હસ્તાક્ષર કરવા જ પડે છે.

સંસદનું સત્ર ચાલુ ના હોય ત્યારે રાષ્ટ્રપતિ ઓર્ડિનન્સ જાહેર કરી શકે છે, જેને કાનૂની માન્યતા પ્રાપ્ત કરે છે, પરંતુ છ અઠવાડિયાની ભીંતર સંસદની મંજૂરી લેવી આવશ્યક છે. રાષ્ટ્રપતિ બંધારણીય પ્રમુખ હોવાના નાતે સશક્ત ન્યાયિક શક્તિઓ ધરાવે છે. જેમાં એ કોઇ પણ વ્યક્તિની દંડ માફી અથવા તો તેમાં ઘટાડો કરી શકે છે. (આર્ટીકલ ૭૨) ઇમર્જન્સી કે આપાતકાલ દરમિયાન રાષ્ટ્રપતિ પાસે અસીમિત શક્તિઓ આવી જાય છે, જેમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય તેમજ મૌલિક અધિકારીઓનું હનન થવાની શક્યતાઓ વધી જાય છે, સૈન્યનાં વડા હોવાને ને નાતે તે યુધ્ધની ઘોષણા કે વિરામ કરી શકે છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતનું પ્રતિનિધિત્વ પણ કરે છે, સંવિધાનમાં ૪૨ માં તથા ૪૪માં સુધારા અંતગર્ત રાષ્ટ્રપતિ મંત્રી પરિષદની સલાહ માનવા બાધ્ય છે...!!

આમ, ભારતની વાસ્તવિક સ્થિતિ માત્ર સંવૈધાનિક અધ્યક્ષની છે, જેનો માસિક પગાર ૧,૫૦,૦૦૦ છે અને નિવૃત્તિ બાદ વાર્ષિક પેન્શન ૯ લાખ રૂપિયા છે, જે આર્ટીકલ ૫૯ નીચે તેનાં કાર્યકાળ દરમિયાન ઘટાડી શકાય નહીં જ.

● ●

રાષ્ટ્રપતિ કથા અહીં સમાપ્ત થાય છે.

● ●

સત્યમેવ જયતે


- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૨મી જૂન**

● ૮૪ વર્ષના દીર્ઘ જીવનકાળ દરમિયાન સાહિત્યની સેવા કરનારા વિપુલ સાહિત્યના સર્જક વોલ્ટર-દ-લામેરની પુણ્યતિથિ ૨૨-૬-૧૯૫૬.



● ૧૬૩૩માં મહાન ખગોળશાસ્ત્રી ગેલીલીયોના વિરૂધ્ધમાં તેના વિચારો - સિધ્ધાંતો માટે રોમમાં ધર્મસભા મળી.

● ૧૯૭૩ - ૨૮ દિવસની રેકર્ડ પરિક્રમા બાદ સાવલેબે પ્રશાંત મહાસાગરમાં ઉતરાણ કર્યું.

● ૧૮૯૮ માં રાજયનું પ્રથમ ગાંડા માણસની સારવાર માટેનું દવાખાનું ૧૮૯૮ માં વડોદરામાં શરૂ થયું.

● સૂરતમાં ૧૮૪૪ માં 'માનવધર્મ' વિષે સભા મળી.

● ૧૯૧૩ મહાત્મા ગાંધીના ભાઇ કરસનદાસ ગાંધીનું અવસાન.




● કાકા સાહેબ કાલેલકરના કુલપતિપદે વેડછી ખાતે 'ગાંધીધામ' વિદ્યાપીઠની સ્થાપના.

# ગુજરાતમાં કઇ સંસ્થા વન સંરક્ષણની દિશામાં કામ કરે છે?

### વિષય : પર્યાવરણ

(૧) ભારતીય વન સર્વેક્ષણનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) દહેરાદૂન (બ) ભોપાલ (ક) ગૌહાટી (ડ) શિમલા
(૨) ભારતે રાષ્ટ્રીય પર્યાવરણ નીતિ કયારે બનાવી?
(અ) ઈ. સ. ૧૯૭૨ (બ) ઈ. સ. ૧૯૮૦
(ક) ઈ. સ. ૧૯૮૬ (ડ) ઈ. સ. ૧૯૯૧
(૩) ભારતમાં સૌથી વન વિસ્તાર કયા રાજયમાં છે?
(અ) છત્તીસગઢ (બ) મહારાષ્ટ્ર (ક) કર્ણાટક (ડ) મધ્યપ્રદેશ
(૪) નીચેનામાંથી કયો સાપ માળો બનાવે છે?
(અ) કોબ્રા (બ) ખળચિત્તરો (ક) કાળોત્તરો (ડ) વાઈપર
(૫) ગીર અભયારણ્યની સ્થાપના કયારે કરવામાં આવી હતી?
(અ) ઈ. સ. ૧૯૮૧ (બ) ઈ. સ. ૧૯૭૨
(ક) ઈ. સ. ૧૯૭૫ (ડ) ઈ. સ. ૧૯૬૮
(૬) ગુજરાતનો કયો જિલ્લો યુકેલિપ્ટસ જિલ્લો ગણાય છે?
(અ) સુરેન્દ્રનગર (બ) ભાવનનગર (ક) જૂનાગઢ (ડ) અમરેલી
(૭) વઘઈ બોટાનિકલ ગાર્ડન કયા જિલ્લામાં આવેલો છે?
(અ) ડાંગ (બ) વલસાડ (ક) નવસારી (ડ) તાપી
(૮) ચીડનાં રસમાંથી શું બને છે?
(અ) ગુંદર (બ) લાળ (ક) રાબ (ડ) ટર્પેન્ટાઈન
(૯) ગુજરાતમાં કંઈ સંસ્થા વનસંરક્ષણની દિશામાં કામ કરે છે?
(અ) સ્ટેટ વાઈલ્ડ લાઈફ (બ) વન્યજીવ સુરક્ષા
(ક) ગુજરાત વાઈલ્ડ લાઈફ સોસાયટી (ડ) વન્યજીવ સલાહકાર બોર્ડ
(૧૦) ગુજરાતના પંખી જગતમાં 'સૂર સમ્રાટ' ની ઉપમા કયા પંખીને મળે છે?
(અ) કોયલ (બ) મોર (ક) દૈયડ (ડ) બ્લેક બર્ડ
(૧૧) કુષ્ટ રોગમાં ઉપયોગી વનસ્પતિ કઇ છે?
(અ) બાવસી (બ) અરડૂસી (ક) જટામાસી (ડ) ગળો
(૧૨) વાળની જાળવણી માટે કંઇ વનસ્પતિનો ઔષધીય ઉપયોગ થાય છે?
(અ) શતાવરી (બ) ભૃંગરાજ
(ક) બાવચી (ડ) જટામાસી
(૧૩) 'પક્ષી જગત' પુસ્તકના લેખક કોણ છે?
(અ) ડૉ. સલીમ અલી (બ) મેનકા ગાંધી
(ક) પ્રધ્યુમન કંચનરાય દેસાઈ (ડ) સુલેમાન પટેલ
(૧૪) સલીમ અલી પક્ષી વિજ્ઞાનકેન્દ્ર કયાં આવેલું છે?
(અ) ભરતપુર (બ) નળ સરોવર (ક) કોઈમ્બતૂર (ડ) લખનૌ
(૧૫) કયુ પ્રાણી સાપ ભક્ષી છે?
(અ) નોળીયો (બ) શેળો (ક) ગરૂડ (ડ) ઉપરના બધા જ.




### ● વિવિધા ●

**ઓસ્ટ્રેલિયા ખંડના દેશો**

| દેશ | રાજધાની | ક્ષેત્રફળ (હજાર ચો. કિ.મી.) |
| --- | --- | --- |
| ઑસ્ટ્રેલિયા | કેનબરા | ૭૬૮૨ |
| કેરીબેતિ | તરાવા | ૦.૭ |
| ટૉગા | નુકુઆલો | ૦.૭૫ |
| તૂવાલુ | ફૂનાફૂટી | ૦.૦૨ |
| નાઉરૂ | નાઉરૂ | ૦.૦૨ |
| પશ્ચિમી સમોઆ | એપિયા | ૩ |
| ન્યૂઝીલેન્ડ | વૅલિંગ્ટન | ૨૭૦ |
| પાપુઆ ન્યૂગિની | પોર્ટ મોર્ઝબી | ૪૬૩ |
| ફીજી | સુવા | ૧૮ |
| બલાઉ (પાલાઉ) | કોરોર | ૦.૪૮ |
| માઈક્રોનિશીયાના | - | - |
| સંયુક્ત રાષ્ટ્ર | કોલોનીયા | ૦.૭ |
| માર્શલ ટાપુઓ | મજુરો | ૦.૧૮૧ |
| વેનૂએતૂ | પોર્ટ-વિલા | ૧૫ |
| સોલોમન ટાપુઓ | હોનીઆરા | ૨૭ |

### ● ગયા સપ્તાહના સવાલનો જવાબ :

સવાલ - ભારતીય આયોજન પક્ષના અધ્યક્ષ કોણ છે?
જવાબ - અહલુવાલીયા

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : સે-૭
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૪) આકાશ જી. પટેલ : સે-૨૩
(૫) હાર્કિદ. એચ. ભટ્ટ : સે-૨૪

### ● પૂછું એક સવાલ...?

(૧) યાસ્મીન રાઠોડ : સે-૨૯થી
પ્રશ્ન - સ્કૉટલૅન્ડનું ગ્લાસકો સીટી કઇ નદી કિનારે વસેલું છે? જવાબ - કલાઇડ
(૨) પટેલ મયંક એસ. : સે-૨૩થી
પ્રશ્ન - વિશ્વનું કયું શહેર 'પશ્ચિમના સુવર્ણ દ્વાર' તરીકે ઓળખાય છે?
જવાબ - કેલિફૉર્નિયાનું બંદર સૅન ફ્રાન્સિસ્કો
(૩) તન્મય. એલ. સોની : સે-૪થી
પ્રશ્ન - ટોલેમી કયા ક્ષેત્રના વૈજ્ઞાનિક હતા?
જવાબ - ખગોળ શાસ્ત્રી
(૪) વ્યાસ. એશા. બી : સે-૨૦થી
પ્રશ્ન - કયા વૈજ્ઞાનિકે તત્ત્વોનું પીટીયોડીક ટેબલ બનાવ્યું?
જવાબ - મેન્ડેલીફે
(૫) પંચાલ વનિતા બી. : સે-૨૪ થી
પ્રશ્ન - ફિલીપીન્સના ટાપુઓ કોણે શોધી કાઢ્યા હતા?
જવાબ - ઈ. સ. ૧૫૨૨ માં મેલેગને

### ● આ સપ્તાહનો સવાલ...?

**પી.એ. સંગ્મા એ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે કયા પક્ષમાંથી રાજીનામું આપ્યું?**

### ● સાચા જવાબો :-

[illegible]

# તેઓની રજૂઆત તથા ભાવના જોઇ દરેકના મનમાં અનુકંપા જાગી, એ ભાઇ પોતાનો રૂમાલ ધરી આખી બસમાં ફરી વળ્યા, સૌએ પોત-પોતાની ભાવના પ્રમાણે પાંચ-દસ રૂપિયા રૂમાલમાં મૂક્યા

**લઘુકથા**
**- અનંત ન. વ્યાસ**

**ખાતું સરભર**

બસે બગોદરા સ્ટેશન છોડ્યું. ત્યા બસની પાછલી સીટ પર ચહલ-પહલ વર્તાઇ. 'શું થયું?' તો કહે, 'સ્ટેશન પર ચા-પાણી કરવા સૌ ઊતર્યાં. એટલામાં કોઇએ આ ડોશીમાંનું પાકીટ સરકાવી દીધું. બસમાં વાત ફેલાઇ ગઇ. પાકીટ ગયું. પછી તો માણસોનો સ્વભાવ, જાત જાતના ને ભાત ભાતની વાતો થવા લાગી. સલાહ - સૂચનો ને જાત - અનુભવની વાતોનો ખજાનો ખુલ્લી ગયો. સૌ કોઇને વિશ્વાસ થઇ ગયો કે પાકીટ બસમાંથી કોઇ કે જ લીધું છે. પણ પુરાવા વિના કોનો હાથ પકડાય? સૌ કોઇ પોતાની પ્રામાણિકતાની તથા દુનિયામાં વધી પહેલી અપ્રમાણિકતાની વાતો - 'કોથળામાં પાંચ શેરી વીંટી ઝીંકે' તે દીધે રાખતા હતા. આ બધી ગડબડમાં પેલા માજી તો બિચારાં વીલે મોઢે બેઠા હતા.'

મા ને દીકરો - અમદાવાદ દ્વારકાની યાત્રા કરવા નીકળ્યા હતા. પૂછતાં ખબર પડી કે પાકીટમાં લગભગ દોઢસો રૂપિયા હતા. દર્શન કરી કાલે તો પાછા ફરવાનું હતું. તેથી વળતી ટિકીટ તથા એક - દિવસનાં ખર્ચ જેટલી જ રકમ હતી. રકમ એવી મોટી નહીં પણ મા દીકરો મુંઝાય. દ્વારકા તો પહોંચી જઇશું પણ ત્યાંથી પાછા શી રીતે ફરશું? એ અજાણ્યા ગામમાં કોણ વિશ્વાસ કરશે? અને આ ચાલુ બસમાં પણ કોને કહેવું?

પણ કહેવત છે ને 'ભીંસ પડે ત્યરે ભગવાન પ્રગટે' તેની આગલી સીટ પર બેઠેલા એક ભાઇ ઊભા થયા.

સાદો લેંઘો ને ઝભ્ભો પહેરેલા. ભરપૂર કાઠિયાવાડી અવાજે કહે, 'જુઓ ભાઇઓ... આ મા ને દીકરો જાત્રા કરવા જાય છે. તેમાં આ થયું. આ માણસો સાચા છે. લીધું હોય તેણે ભલે લીધું. પણ આપણે માણસાઇ દેખાડીએ. આપને સૌને જે ઇચ્છા થાય તે આપજો. આમે ચા-પાણીમાં પાંચ-દસ તો કયાંક વપરાય જાય છે.' 'લ્યો હું મારા તરફથી અગિયાર આપું છું.'

તેઓની રજૂઆત તથા ભાવના જોઇ દરેકના મનમાં અનુકંપા જાગી. એ ભાઇ પોતાનો રૂમાલ ધરી આખી બસમાં ફરી વળ્યા. સૌએ પોત-પોતાની ભાવના પ્રમાણે પાંચ-દસ રૂપિયા રૂમાલમાં મૂક્યા. કુલ રૂા. ૧૬૦ થયા. તે રકમ પેલા માજીને આપી. પોતાની સીટ પર બેસી ગયા, ને કહે - માણસ માણસનું કામ નહિ કરે તો કોણ કરશે? બસમાં સૌને સંતોષ થયો. થોડું પુન્ય કરવાનો અહોભાવ પણ... કેટલાકે તો એ ભાઇને અભિનંદન આપ્યા. 'આ તો તમે પહેલ કરી, તો ભાઇ કામ થઇ ગયું.' અરે ભાઇ, આમાં તો કામ કરનાર જોઇએ. મદદ ન કરી હોત તો આ મા - દીકરો કયાં જાત?

પેલા ભાઇ કહે - એમાં શું... આ તો આપણી ફરજ ને. મે તો માત્ર જીભ ચલાવી. મદદ તો તમે સૌએ કરી... તમારો સૌનો આભાર માનવો જોઇએ. એમની આ મોટાઇ તથા દિલાવરી જોઇ સૌ ખુશ થઇ ગયા.

રાજકોટ આવ્યું. બસ થોડો સમય ત્યાં રોકાવાની હતી. સૌ નીચે ઊતર્યા. પેલા ભાઇ અહીં ઊતરી જવાના હતા. એ પોતાના સાથીદાર સાથે આગળ. હું બરાબર પાછળ ત્યાં પેલો સાથીદાર કહે. 'વાહ ભાઇ, આજે તો તમો ખરું પુન્ય કમાયા...'

'એકલું પુન્ય નહીં, પૈસા પણ કમાયો.' કહી ભાઇ હસ્યા. ધીમેથી ખીસ્સામાંથી ડોશીનું પાકીટ કાઢ્યું. રકમ લઇને પાકીટ ગટરમાં ફેંકતા કહે. 'આ થોડું પાપ કરેલું, તે પુન્ય પણ કરી નાખ્યું. થયું ને ખાતું સરભર...' ને આ બે દિવસનો રાજકોટનો ખર્ચ તો કાઢવો જોઇએ ને...

વાત સાંભળી હું અવાક્ થઇ ગયો. વાહ ભાઇ...વાહ શું ખાતું સરભર કરવાની રમત... પાપ ને પુન્ય... બધું જ હાથે ને સાથે.

## ગરીબીનું ગૌરવ

આપણા દેશમાં ગરીબીનું પણ એક પ્રકારનું ગૌરવ છે, એક જાતનો મોભો છે. અહીં ગરીબ પોતાની ગરીબીથી શરમાતો નથી. તે પોતાની ઝૂંપડીને વિશે અભિમાન રાખે છે. ગરીબ હોવા છતાં, તે દિલનો અથવા આત્માનો દરિદ્રી નથી. સંતોષ તેની સંપત્તિ છે. હિંદુસ્તાનમાં માણસનો એવા પ્રકારનો ખાસ નમૂનો જોવાને મળે છે, જે પોતાની જરૂરિયાતો બને તેટલી ઓછી રાખવામાં આનંદ માને છે. તે પોતાની પાસે માત્ર મૂઠી લોટ ને ચપટી મીઠું-મરચું રાખી એક કકડામાં બાંધીને ફરે છે. કૂવામાંથી પાણી ખેંચીને પીવાને માટે તે ખભે દોરી લોટો ભેરવીને ચાલે છે. રોજના દસથી બાર માઈલ તે પગે ચાલી નાખે છે. પોતાના કપડાના કટકામાં જ તે લોટ બાંધી લે છે. બળતણને માટે થોડાં સૂકાં ડાંખળાં આમતેમથી વીણી લઈ તેની ધૂણીના અંગારા પર પોતે બાંધેલા લોટને શેકી લે છે. આવો માણસ પોતાને કોઈ રાજા કે બાદશાહથી યે વધારે શ્રીમંત માને છે.



**- મો. ક. ગાંધી**